ગુજરાત સમાચાર, પાના નંબર - ૧૬.
તારીખ :- ૨૫/૦૨/૨૦૨૬.

ગિફ્ટ સિટીની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે

# મેટ્રોના વિસ્તરણને મંજૂરી : ગિફ્ટ સિટીથી IIT સર્કલ સુધી દોડશે

અમદાવાદ,મંગળવાર

ગિફ્ટ સિટીની કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવા માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના હાલના નોર્થ-સાઉથ કોરિડોરના ૩.૩૩ કિલોમીટર લાંબા વિસ્તરણને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ૩ એલિવેટેડ સ્ટેશનોનો સમાવેશ થશે અને ૧૦૬૭.૩૫ કરોડનો આ પ્રોજેક્ટ ચાર વર્ષમાં પૂર્ણ કરાશે.

## ૩ એલિવેટેડ સ્ટેશન સાથેનો ૩.૩૩ કિલોમીટરનો રૂ. ૧૦૬૭ કરોડનો પ્રોજેક્ટ ચાર વર્ષમાં પૂર્ણ કરાશે

વર્તમાન સ્થિતિએ ગુજરાત મેટ્રોના ૬૮.૨૮ કિલોમીટરમાં એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ, થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ, મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને જીએનએલયુ થી ગિફ્ટ સિટી એમ કુલ ૫૩ સ્ટેશન સાથે કાર્યરત છે. જેમાં હાલ દરરોજ ૧.૬૦ લાખથી વધુ મુસાફરો નોંધાય છે. હવે કેન્દ્ર સરકારની મંજૂરી બાદ ગિફ્ટ સિટી સાથેની આ કનેક્ટિવિટીથી શૈક્ષણિક

(અનુસંધાન બીજા પાને)

અનુસંધાન પાના નંબર - ૦૨.

## મેટ્રોના વિસ્તરણને

(છેલ્લા પાનાનું ચાલુ)

સંસ્થાઓ-વ્યાપારી કેન્દ્રો-મલ્ટી નેશનલ કંપનીઓ તથા અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચે દૈનિક મુસાફરી કરતા નાગરિકોને સીધો લાભ થશે.

વિશ્વભરમાં ફિનટેક હબ તરીકે ખ્યાતિ મેળવી રહેલા ગિફ્ટ સિટીમાં મલ્ટિનેશનલ ફિનટેક કંપનીઓ સહિત ગિફ્ટ સિટીમાં કાર્યરત એકમો, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રો તથા અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચે દૈનિક મુસાફરી કરતા નાગરિકોને આ કનેક્ટિવિટીનો લાભ મળી શકશે.

### પ્રોજેક્ટની ખાસિયતો

**નવો રૂટ :** ૩.૩ કિમી લાંબી નવી મેટ્રો લાઇન હશે.

**અંદાજિત ખર્ચ :** ૧૦૬૭ કરોડ

**કયા સ્ટેશન બનાવાશે ? :** ગિફ્ટ સિટીહાઉસ, ગુજરાતબાયોટક્નોલાજી યુનિવ સટી, શાહપુર (ગાંધીનગરની નજીક છે.)

**કુલ લંબાઈ :** આ લાઇન કાર્યરત થતાંની સાથે જ અમદાવાદ અને ગાંધીનગરનું કુલ મેટ્રો નેટવર્ક ૭૧ કિમીથી વધુ લાંબુ થઈ જશે.